દાખલ તારીખ : ૧૮–૧૦–૨૦૨૨

રજી. તારીખ : ૧૮–૧૦–૨૦૨૨

ફેસલ તારીખ : ૦૩–૧૨–૨૦૨૨

સમય ગાળો : વર્ષ: માસ: દિવસ:

૦૦ – ૦૧ – ૧૫

**જૂનાગઢના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.જુનાગઢ**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૬૦૭/૨૦૨૨**

આંક :

**અરજદાર :** પ્રકાશ વિજયભાઈ સોલંકી,
ઉ.વ.૩૧, ધંધો–મજુરી,
રહે. મધુરમ મામાદેવના મંદિર સામે,
સોમનાથ ટાઉનશીટ, જૂનાગઢ.

**–:: વિ રૂ ધ્ધ ::–**

**સામાવાળા :** સ્ટેટ ઓફ ગુજરાત,
નોટીશ થ્રુ : ગવર્નમેન્ટ પ્લીડર,
જુનાગઢ.

બાબત : સીઆર.પી.સી. કલમ–૪૫૧ મુજબ મુદ્દામાલ મોટરસાયકલ પરત મળવા અંગે.

અરજદાર તરફે વિ.વકીલશ્રી બી. કે. સાંધ.
સામાવાળા/સરકારશ્રી તરફે વિ. પી.પી. શ્રી એન. કે. પુરોહીત.

**-: ઠ રા વ :-**

(૧) અરજદારે હાલની અરજી દાખલ કરી જણાવેલ છે કે, જૂનાગઢ ભવનાથ પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૦૩૨૨૦૦૦૭/૨૦૨૨, ઈ.પી.કો. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨) તથા પોકસો એકટની કલમ-૪,૮,૧૨ મુજબના ગુનાના કામે પોલીસે બજાજ પલ્સર મોટરસાયકલ નં. જીજે-૧૧-બી. જી. ૬૬૯૬ વાળી આ કામે આરોપી પાસેથી મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે અને આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે જેનો પોકસો કેસ પેન્ડીંગ છે તેથી તપાસમાં કોઈ જરુરીયાત નથી અને આ મોટરસાયકલ અરજદારની માલિકીની છે અને રોજબરોજના વપરાશ અને ઉપયોગનું સાધન છે, સદર મુદ્દામાલ જો લાંબો સમય પોલીસ કસ્ટડીમાં પડી રહે તો તેમાં યાંત્રીક ખામી ઉભી થાય તેમજ તેના સ્પેરપાર્ટસ, એન્જીન તથા ટયુબ-ટાયરોને નુકશાન થાય અને ઘણોં મોટો ખર્ચ આવે અને તે નકામુ થઈ જાય છે. તેથી ટ્રાયલ ચાલતા દરમ્યાન યોગ્ય શરતોને આધિન મુદ્દામાલવાળુ મોટરસાયકલ તેઓને પરત સોંપવા અરજદારે હાલની આ અરજી કરેલ છે.

(૨) અરજદારે તેની અરજીના સમર્થનમાં આંક-૩ ના લીસ્ટથી અરજદારનુ આધારકાર્ડ માર્ક ૩/૧ થી તથા વાહનની આર.સી.બુક માર્ક ૩/૨ થી તથા આ કામની એફ.આઈ.આર. તથા ચાર્જશીટ નકલ માર્ક ૩/૩ થી રજુ કરેલ છે. જે લક્ષમાં લેવામાં આવેલ છે.

(૩) અરજદારની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી.પી. શ્રી એન. કે. પુરોહીત હાજર થયેલા છે અને અરજી અન્વયે તપાસ કરનાર પોલીસ અધિકારીનો અભિપ્રાય આંક-૫ થી રજુ થયેલ છે તેમાં અરજદારને આ મોટરસાયકલ સોંપવામાં આવશે તો ફરી વખત આવા ગંભીર ગુન્હામાં ઉપયોગ કરશે, વેચી નાખશે, કેસ ચાલતા રજુ નહીં કરે તેવી શકતાઓ દર્શાવી મુદ્દામાલ પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે અને સાથે મુદ્દામાલ પાવતી રજુ કરેલ છે જે

લક્ષમાં લેવામાં આવેલ છે.

(૪) અરજદાર તરફે વિ. વકીલશ્રી બી. કે. સાંઘને સાંભળ્યા તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી એન.કે.પુરોહીતને સાંભળ્યા.

(૫) આ કામે અરજીની હકીકત, પક્ષકારોની દલીલો, રજુ દસ્તાવેજી આધારો, પોલીસ અભિપ્રાય ધ્યાને લેતાં જૂનાગઢ ભવનાથ પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૦૩૨૨૦૦૦૭/૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨) તથા પોકસો એકટની કલમ–૪,૮,૧૨ મુજબના ગુનાના કામે પોલીસે બજાજ પલ્સર મોટરસાયકલ નં. જીજે–૧૧–બી. જી. ૬૬૯૬ વાળી અરજદાર / આરોપી પાસેથી મુદ્દામાલ તરીકે પોલીસે કબજે લીધેલ છે. વધુમાં આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોટરસાયકલની આર. સી. બુક આ કામે માર્ક ૩/૨ થી રજુ કરેલ છે તે લક્ષમાં લેતા બજાજ પલ્સર મોટરસાયકલ નં. જીજે–૧૧–બી. જી. ૬૬૯૬ વાળુ મોટરસાયકલ અરજદારના નામે નોંધાયેલ છે જેથી સદર મુદ્દામાલવાળા વાહનના અરજદાર માલિક હોવાનુ જણાય આવે છે. જયારે પોલીસ અભિપ્રાય મુદ્દામાલ પાવતી ધ્યાને લેતા સદરહુ મોટરસાયકલ હાલના અરજદાર પાસેથી પોલીસે કબજે લીધેલ છે. વધુમાં આ કામે પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા મુદ્દામાલ નહીં સોંપવા અંગે જણાવેલ છે ત્યારે આ કામે ચાર્જશીટ થયેલ હોય આ મુદ્દામાલવાળા મોટરસાયકલની તપાસના કામે જરૂરીયાત હોય તેવું જણાય આવતુ નથી. સદર ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય પસાર થાય તેમ હોય, આ સમય દરમ્યાન વાહન પોલીસ સ્ટેશનમાં બીન–ઉપયોગી પડયુ રહે તો તેમાં યાંત્રીક સ્પેર પાર્ટસ ખરાબ થઈ જાય તેમજ ટાયર–ટયુબ વિગેરે ખરાબ થઈ જાય તેમ છે. આ કામે તમામ સંજોગોને લક્ષમાં લેતાં તથા આ તબબકે નામદાર સુપ્રિમ કોર્ટના **એ.આઈ.આર. ૨૦૦૩. સુ.કો. પેજનં.–૬૩૮. સુંદરલાલ અંબાલાલ દેશાઈ –વિ– સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં

પ્રસ્થાપિત થયેલા માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ હાલનો મુદામાલ એ આખરે રાષ્ટ્રીય સંપતી છે, તેને બિન ઉપયોગી પડી રાખવાથી કોઈ હેતુ સરે તેમ નથી. જયારે તેના કબજેદાર–માલિકને નુકશાન થાય છે. ત્યારે સમગ્ર હકીકતો જોતા હાલની અરજી દાદનો ઈન્કાર કરવો ન્યાય સંગત જણાતું ન હોય તેમજ આ કામના અરજદાર જામીન આપવા અને શરતો પાળવા તૈયાર અને ખુશી હોય, આ સંજોગોમાં યોગ્ય શરતોને આધિન મુદ્દામાલનો, કેસ ચાલતા દરમ્યાન વચગાળાનો કબજો પરત સોંપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**–: હુ ક મ :–**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) જૂનાગઢ ભવનાથ પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૦૩૨૨૦૦૦૭/ ૨૦૨૨, ઈ.પી.કો. કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨) તથા પોક્સો એકટની કલમ–૪,૮,૧૨ મુજબના ગુનાના કામે પોલીસે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ બજાજ પલ્સર મોટરસાયકલ નં. જીજે–૧૧–બી. જી. ૬૬૯૬ જેના ચેસીસ નં.– MD2A36FZ8FCD23088, એન્જીન નં. JLZCFD25936 વાળુ, મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેમજ તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી કેસ ચાલતા દરમ્યાનનો વચગાળાનો કબજો અરજદારને નીચેની શરતોને આધિન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શ ર તો :–**

૧) અરજદારે સદર મુદામાલ વાળા વાહનની ઓળખમાં ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

૨) અરજદારે મુદામાલવાળું વાહન કેસ ચાલતા સુધી અન્ય કોઈને કોઈપણ રીતે વેંચાણથી, બક્ષીસથી, ગીરોથી કે કોઈપણ રીતે ટ્રાન્સફર તબદીલ કરવું–કરાવવું નહીં.

૩) અરજદારે ઉપરોકત મુદ્દામાલવાળુ વાહન કોર્ટ ફરમાવે ત્યારે હુકમ મુજબ રજુ કરવાનું રહેશે.

૪) અરજદારે ઉપરોકત મુદ્દામાલ વાળા વાહનનો કોઈ ગેરકાનુની પ્રવૃતિમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં.

૫) અરજદારને મુદ્દામાલ સોંપતી વખતે ત. ક. અમલદારે અરજદારના ખર્ચે મુદ્દામાલ વાહનના ચારેય એંગલથી ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ ઓળખી શકાય તે રીતે ફોટા પાડી અવેની કોર્ટમાં રજુ કરવા.

(૩) હુકમ મુજબના જામીન અને જાત મુચરકા સબંધીત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા.

(૪) આ હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી.

આ હુકમ આજ તારીખ–૦૩ જી, માહે–ડીસેમ્બર સને ૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૩–૧૨–૨૦૨૨
સ્થળ : જૂનાગઢ

**( બીના ચંદુભાઈ ઠકકર )**
ત્રીજા એડીશનલ સેસન્સ જજ,
જૂનાગઢ
**કોડ નં. જીજે.૦૦૬૯૫**